| | |
|---|---|
| રજૂ થયા તારીખ | 10-09-2015 |
| દાખલ થયા તારીખ | 10-09-2015 |
| ફેસલ થયા તારીખ | 08-06-2025 |
| અવધિ | વર્ષ: 10 માસ: 09 દિવસ: 02 |

સત્યमेव जयते

ઉપલેટાના જ્યુડીશયલ મેજિસ્ટ્રેટ ની કોર્ટ

સમક્ષ, ઉપલેટા, રાજકોટ

ફોજદારી કેસ નં. **626/2015**
આંક -

**FORM-A**

| ઉપલેટાના મે. પ્રિન્સિપાલ સિવિલ જજ અને જ્યુ. મેજી. (પી. પી. કાલા) સાહેબ શ્રી ની કોર્ટ સમક્ષ, મુ. ઉપલેટા, જી. રાજકોટ | |
|---|---|
| જજમેન્ટ તા. | **12/06/2026** |
| ફોજદારી કેસ નં. | **135232/2024** |
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ **- 379, 447, 114** |
| ગુના રજી. નં. | **33/2015** |
| ફરીયાદી | સરકાર શ્રી |
| ફરિયાદ પક્ષે | વિ. એ.પી.પી. શ્રી જે. એમ. ટાંક |
| આરોપી | **(1)** સિકંદર ગનીભાઇ ઉર્ફે હુસેનભાઇ તરકવાડીયા ખાટકી, રહે. જેતપુર નવાગઢ જુમ્મામસ્જીદ પાસે |

| | |
|---|---|
| | **(2)** બાવ ઉર્ફે અશોક બાઘુભાઇ ચારોલીયા દેવીપુજક, રહે. જામકંડોરણા, ઇન્દિરાનગર, પાણીના ટાંકા પાસે<br>**(3)** રાજેશ ઉર્ફે રાજુ વલકુભાઇ ઉર્ફે વલ્લભભાઇ ઉર્ફે બાભોલા ચારોલિયા દેવીપુજક, રહે. વાસાવડ, તા. ગોંડલ |
| બચાવપક્ષે | આરોપી નં.**1** તરફે વિ. વ. શ્રી બી. એ. જુનેજા<br>આરોપી નં. **2** તથા **3** તરફે વિ. વ. શ્રી કે. આર. રાણીંગા |

**FORM-B**

| | |
|---|---|
| ગુનાની તારીખ | 31/12/2015 |
| એફ. આઈ. આર. ની તારીખ | 03/06/2015 |
| પ્લી/તહોમતનામું ઘડ્યાની તારીખ | 21/10/2015 |
| પુરાવાની શરૂઆતની તારીખ | 04/11/2015 |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | 26/05/2026 |
| ચુકાદાની તારીખ | 29/05/2026 |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | -- |

<u>આરોપીની વિગત</u>

| આરોપીનો અનુક્રમ નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | અધિનિયમ અને કલમ | શું નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવામાં આવેલ સજા | **CrPC** કલમ **428** ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **1** | ઇમરાન લંગડો અમીન કળોદિયા | **11/06/ 2015** | – | ભારતીય ન્યાય સંહિતાની કલમ - **379, 447, 114** | નિર્દોષ | – | **20/06/20 15** |
| **2** | બાવ ઉર્ફે અશોક બાધુભાઇ ચારોલીયા દેવીપુજક | **25/07/ 2015** | – | ભારતીય ન્યાય સંહિતાની કલમ - **379, 447, 114** | નિર્દોષ | – | – |
| **3** | રાજેશ ઉર્ફે રાજુ વલકુભાઇ ઉર્ફે વલ્લભભાઇ ઉર્ફે બાભોલા ચારોલિયા દેવીપુજક | **25/07/ 2015** | – | ભારતીય ન્યાય સંહિતાની કલમ - **379, 447, 114** | નિર્દોષ | – | – |

**FORM - C**

ફરિયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી

(એ) ફરીયાદ પક્ષ

| અનુ. નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| PW -1 | ભીખુભાઇ ટપુભાઇ ઉટડીયા | પંચ સાહેદ |
| PW -2 | દેવરખીભાઇ પુનાભાઇ બારૈયા | પંચ સાહેદ |
| PW -3 | દેવાયતભાઇ જીવાભાઇ સુવા | પંચ સાહેદ |
| PW -4 | વજુભાઇ ઓઘડભાઇ કનારા | પંચ સાહેદ |
| PW -5 | દિલીપભાઇ રાજશીભાઇ સુવા | ફરીયાદી |
| PW -6 | દેવાયતભાઇ જીવાભાઇ સુવા | સાહેદ |

| | | |
|---|---|---|
| PW- 7 | જીતુભાઇ કાનાભાઇ સુવા | સાહેદ |
| PW -8 | જગદીશભાઇ દેવાયતભાઇ કનારા | સાહેદ |
| PW- 9 | ભરતભાઇ લાખાભાઇ વસરા | સાહેદ |
| PW - 10 | મહાદેવભાઇ વરસંગભાઇ પટેલ | સાહેદ |
| PW - 11 | શકીલ અહેમદ ઉસ્માન ગનીભાઇ કુરેશી | સાહેદ |
| PW - 12 | કલ્પેશભાઇ ચેહાભાઇ સિંધવ | સાહેદ |
| PW - 13 | કીરણપુરી ગંગાપુરી ગોસ્વામી | તપાસ કરનાર અધિકારી |

<u>ફરિયાદી/બચાવપક્ષ/કોર્ટના આંક ની સૂચિ</u>

<u>(એ) ફરીયાદ પક્ષ</u>

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| 1. | પંચ સાહેદ ભીખુભાઇ ટપુભાઇ ઉટડીયા ની જુબાની | 28 |
| 2. | મુદ્દામાલ ભેંસો નંગ-2 કબજે કર્યાનું પંચનામુ | 29 |
| 3. | પંચ સાહેદ દેવરખીભાઇ પુનાભાઇ બારૈયા ની જુબાની | 30 |
| 4. | પંચ સાહેદ દેવાયતભાઇ જીવાભાઇ સુવા ની જુબાની | 35 |
| 5. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | 36 |
| 6. | પંચ સાહેદ વજુભાઇ ઓઘડભાઇ કનારા ની જુબાની | 37 |
| 7. | ફરીયાદી દિલીપભાઇ રાજશીભાઇ સુવા ની જુબાની | 133 |
| 8. | ફરીયાદ | 134 |
| 9. | સાહેદ દેવાયતભાઇ જીવાભાઇ સુવા ની જુબાની | 136 |
| 10. | સાહેદ જીતુભાઇ કાનાભાઇ સુવા ની જુબાની | 137 |
| 11. | સાહેદ જગદીશભાઇ દેવાયતભાઇ કનારા ની જુબાની | 141 |
| 12. | સાહેદ ભરતભાઇ લાખાભાઇ વસરા ની જુબાની | 139 |
| 13. | પાવતી | 140 |

| | | |
|---|---|---|
| 14. | સાહેદ મહાદેવભાઇ વરસંગભાઇ પટેલ ની જુબાની | 143 |
| 15. | ડિલિવરી આપેલ માલની પહોંચ ની નકલ | 144 |
| 16. | ડિલિવરી બુક | 145 |
| 17. | ડિલિવરી સ્લીપ | 146 |
| 18. | સાહેદ શકીલ અહેમદ ઉસ્માન ગનીભાઇ કુરેશી ની જુબાની | 149 |
| 19. | સાહેદ કલ્પેશભાઇ ચેહાભાઇ સિંધવ ની જુબાની | 151 |
| 20. | તપાસ કરનાર અધિકારી કીરણપુરી ગંગાપુરી ગોસ્વામી ની જુબાની | 157 |

## -: ચુકાદો :-

1. ફરિયાદ પક્ષ ના કેસની ટૂંકમાં હકીકત :

1.1 ફરિયાદ પક્ષ ના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.31/05/2015 ના રોજ કલાક 22:00 ના અરસામાં ખાખી જાળીયા બાયપાસ, ફરીયાદી ની વાડીમાં, ઉપલેટા, જી. રાજકોટ ખાતે ફરિયાદી ની વાડીમાં આવેલ ખુલ્લા ઢાળીયામાં બાંધેલ બે ભેંસો કિંમત રૂ.80,000/- ની ચોરી કરેલ હોઇ ફરિયાદીએ હાલના આરોપીઓની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ - 379, 447, 114 મુજબની ફરિયાદ ઉપલેટા પોલીસ સ્ટેશન, સુરત (ફ.ગુ.ર. નં.-33/2015) થી આપતા ગુનો રજિસ્ટર્ડ થયેલ અને આગળની તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો મળી આવતા હાલનું ચાર્જશીટ આ અદાલતમાં રજૂ કરેલ છે.

2. ન્યાયિક કાર્યવાહી :

2.1 પોલીસ અહેવાલ રજૂ થતા, ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ - 190 (1) (a) આધારે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ - 379, 447, 114 મુજબના ગુનાનું સંજ્ઞાન લઈ, બી. સી. આર. પી. સી. ની કલમ - 204 અન્વયે આરોપીને પ્રોસેસ ઈશ્યૂ કરતા, આરોપી કોર્ટમાં હાજર થતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ - 207 મુજબ પોલીસ અહેવાલ તેમજ અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ

તહોમતનામું ફરમાવ્યા બાદ આરોપીની પ્લી લેવામાં આવેલી છે જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઇનકાર કરેલ છે. ત્યારબાદ, કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. આ કામના આરોપી નં.2 તથા 3 કેસની ચાલુ કાર્યવાહી દરમ્યાન હાજર ન રહેતા તેઓ વિરૂદ્ધ સી.આર.પી.સી. કલમ - 299 મુજબ સદર કેસની કાર્યવાહી તેઓની ગેરહાજરીમાં આગળ ચલાવવા હુકમ થયેલ છે તેમજ આરોપી નં.1 પૂરતી સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

2.2 ફરિયાદ પક્ષે ઉપરોક્ત મૌખિક તથા દસ્તાવેજી પુરાવા સિવાય અન્ય વિશેષ પુરાવો આપવો ન હોઈ, ફરિયાદ પક્ષે મૌખિક રજૂઆત થી પુરાવો પૂર્ણ થયેલ હોવાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષ નો પુરાવો પૂરો થયા બાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસિજર કોડ ની કલમ 313 અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઇનકાર કરેલ છે અને વિશેષમાં એવું જણાવેલ છે કે પોતે નિર્દોષ છે. ત્યારબાદ બંને પક્ષકારો ની દલીલો સાંભળવામાં આવેલી છે. ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રી એ દલીલ કરતા જણાવેલ છે કે ફરિયાદ પક્ષે હાલના આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરી દીધેલ છે તેમજ આરોપીઓ તરફે વિ. વ. શ્રી એ દલીલ કરતા જણાવેલ છે કે

(1) હાલના કામે આંક - 133 થી રજૂ ફરીયાદીની જુબાની ધ્યાને લેતા ફરીયાદીએ પોતે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓ આરોપીને જોએથી ઓળખી શકે નહિ તેમજ આરોપી કોર્ટમાં આવતા હોઇ આરોપીને જોએલ છે તેમજ તે પહેલાં આરોપી સાથે કોઈ મુલાકાત થયેલ નથી. વધુમાં, ફરીયાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે ભેંસો કોણ ચોરી ગયેલ તેની તેઓને જાણ નથી તેમજ ભેંસોની માલિકી કે વાડીની માલિકી અંગે ફરિયાદ પક્ષ તરફે કોઈ પુરાવો રજૂ કરેલ નથી. ફરિયાદીની જુબાની ધ્યાને લેતા પંચનામાની તારીખ બાબતે પણ વિરોધાભાસ જણાઇ આવે છે.

(2) ફરીયાદી પોતાની જુબાનીમાં ફરીયાદ તા.31.12.2015 ના રોજ આપેલ હોવાનું જણાવે છે પરંતુ ફરિયાદ ધ્યાને લેતા ફરિયાદ તા.03.06.2015 ના રોજ આપવામાં આવેલ છે.

(3) ફરીયાદ પક્ષ તરફ ફરીયાદ મોડી આપવા બાબતે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી.

(4) સદર કામે ફરીયાદ પક્ષ તરફે નાણાકીય વહેવાર અંગે પુરાવા રજૂ કરેલ છે પરંતુ આંક - 139 તેમજ આંક - 143 થી રજૂ સાહેદ ની જુબાની ધ્યાને લેતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આંગડીયા પેઢીમાં સ્લીપ આપવામાં આવે છે પરંતુ તેઓ મોકલનાર વ્યક્તિના નામ અંગે ઓળખકાર્ડ સાથે વેરીફાઈ કરતા નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, મોકલનાર વ્યક્તિ એ જ સ્લીપમાં દર્શાવેલ નામવાળી વ્યક્તિ છે કે કેમ તે પણ જણાવી શકે નહીં. તે સજોગોમાં ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલ રજીસ્ટરમાં આરોપીનું નામ હોવાની હકીકત સ્વીકાર કરવામાં આવે તો પણ મોકલનાર તરીકે હાલના આરોપી જ હતા તેવું અનુમાન થઇ શકે નહીં.

(5) સદર કામે પંચનામા ની તારીખ બાબતે ફરિયાદી તેમજ તપાસ કરનાર અધિકારીની જુબાનીમાં વિરોધાભાસ જણાઇ આવે છે. તેમજ તપાસ કરનાર અધિકારીએ સ્ટેશન ડાયરીમાં કોઇ નોંધ કરેલ ન હોવાની હકીકતનો પણ સ્વીકાર કરેલ છે. વધુમાં, તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે આંક - 145 થી રજૂ થયેલ દસ્તાવેજમાં આરોપીના નામની એન્ટ્રી નથી.

(6) ફરીયાદ પક્ષે આંક - 144 થી આંક - 146 થી રજૂ થયેલ દસ્તાવેજો પોલીસ કચેરીના રેકર્ડ નથી પરંતુ આંગડીયા પેઢીના રેકર્ડ છે. તે સંજોગોમાં તપાસ કરનાર અધિકારી પોતે સદર દસ્તાવેજો ખરી નકલ હોવાનું જણાવી શકે નહીં. તેમજ તપાસ કરનાર અધિકારીએ તપાસ દરમ્યાન અસલ દસ્તાવેજો કબજે કરેલ નથી.

(7) આમ, ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી હાલના આરોપીને નિર્દોષ છોડી મૂકવાની અરજ ગુજારેલ છે.

2.3 ઉપરોક્ત મુજબ બંને પક્ષકારો તરફે થયેલ દલીલ અને ફરિયાદ પક્ષના મૌખિક અને દસ્તાવેજી પુરાવા આધારે આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે:

3. મુદ્દાઓ

મુદ્દા નં. 1 : શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે આ કામના આરોપીઓએ તા.31/05/2015 ના રોજ કલાક 22:00 ના અરસામાં ખાખી જાળીયા બાયપાસ, ફરીયાદી ની વાડીમાં, ઉપલેટા, જી. રાજકોટ ખાતે ફરિયાદી ની વાડીમાં આવેલ ખુલ્લા ઢાળીયામાં બાંધેલ બે ભેંસો કિંમત રૂ.80,000/- ની ચોરી કરી ભારતીય દંડ સંહિતાની કલમ - 379, 447, 114 મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં. 2: શું હુકમ?
4. મુદ્દાઓ પરના નિર્ણયો:
મુદ્દા નં. 1 - નકારમાં
મુદ્દા નં. 2 - આખરી હુકમ મુજબ

કારણો:
મુદ્દા નં. 1 અને 2

ઉપરોક્ત બંને મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ છે જેથી પુનરાવર્તન ટાળવાના હેતુથી બંને મુદ્દાની એકી સાથે ચર્ચા કરવામાં આવે છે.

5. મુદ્દાઓની ચર્ચા:

5.1 ફરિયાદ પક્ષના કેસ મુજબ આરોપીઓએ તા.31/05/2015 ના રોજ કલાક 22:00 ના અરસામાં ખાખી જાળીયા બાયપાસ, ફરીયાદી ની વાડીમાં, ઉપલેટા, જી. રાજકોટ ખાતે ફરિયાદી ની વાડીમાં આવેલ ખુલ્લા ઢાળીયામાં બાંધેલ બે ભેંસો કિંમત રૂ.80,000/- ની ચોરી કરેલ હોઇ ફરિયાદીએ આ કામના આરોપીઓની વિરુદ્ધમાં ફરિયાદ નોંધાવેલી. જેથી સદર કામના આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ - 379, 447, 114 મુજબ ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે તેવા સંજોગોમાં, ફરિયાદ પક્ષે આરોપી સામેનો ગુનો સાબિત કરવા માટે નીચે મુજબના તત્વો સાબિત કરવા જોઈએ -

કલમ -379 ના તત્વો:

1. ચોરીની વિષયવસ્તુ કોઈ જંગમ મિલકત હોય જે આરોપીએ ખસેડેલ હોય.

2. આમ તેણે કબજેદાર ની સંમતિ વગર કબજેદારના કબજામાંથી લઇ લેવા માટે કરેલ હોય.
3. આવું કૃત્ય તેને અપ્રમાણિકપણે કરેલ હોય.

કલમ -447 ના તત્વો:

1. ફરીયાદી મિલકતનો કબજો ધરાવતા હતા
2. આરોપી આવી મિલકતમાં ગેરકાયદેસર પ્રવેશ કરેલ હોય
3. તેમ કરવા પાછળનો આરોપીની ઈરાદો ડર પેદા કરવાનો હતો કે અપમાન કરવાનો હતો કે મિલકતની કબજેદાર વ્યક્તિને ત્રાસ આપવાનો હતો

ભારતીય દંડ સંહિતાની કલમ - 114 ગુનામાં મદદગારી વખતે મદદગારની હાજરી વિશે છે.

5.2 ફોજદારી ન્યાયશાસ્ત્ર ના પ્રાથમિક સિદ્ધાંત પ્રમાણે, આરોપી સામેનો ગુનો ફરિયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ. ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં, એ બાબત સ્પષ્ટ થાય છે કે, આરોપી સામે જ્યારે ફરિયાદીના કબજા ભોગવટાની રીક્ષા ચોરી કરેલ હોવાનો આક્ષેપ છે ત્યારે ફરિયાદ પક્ષ ના પુરાવાના બોજા વિશે ન્યાયશાસ્ત્રનો સિદ્ધાંત છે કે ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ અને પુરાવાનો બોજો ફોજદારી કાર્યવાહીમાં દીવાની કાર્યવાહીમાં રહેલ સંભવિતતાની પ્રબળતા થી ભિન્ન, હંમેશા ફરિયાદપક્ષ પર રહે છે. વધુમાં, એવિડેન્સ એક્ટની કલમ - 101 ધ્યાને લેતાં જ્યારે કોઈ જે પક્ષ કોર્ટ પાસેથી કોઈ હકીકતોના અસ્તિત્વ વિશે નિર્ણય આપવાની અપેક્ષા રાખતો હોય તેણે તે હકીકતો પુરવાર કરવી જોઈએ. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનું મૂલ્યાંકન દરેક કેસની હકીકત અને સંજોગો પર પુરાવાના કાયદાની કલમ - 3 મુજબ સાબિતી અને નાસાબિતીની વ્યાખ્યા પર આધારિત છે. પુરાવાના કાયદા મુજબ સાબિત થયેલી હકીકત તેને જ કહી શકાય કે જેને એક સામાન્ય સમજ ધરાવતી વ્યક્તિ અદાલત સમક્ષ પડેલ બાબત ઉપરથી જે-તે સંજોગોમાં તે હકીકતને અસ્તિત્વમાં હોવાનુ માને તો તેવી હકીકત સાબિત થયેલી હકીકત કહી શકાય.

5.3 આ ગુનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે પંચ સાહેદ નં. 1 ભીખુભાઇ ટપુભાઇ ઉટડીયાને આંક -28 થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે પરંતુ પંચનામાની વિગત બાબતે જાણકારી ન હોવાનુ જણાવેલ છે. જેથી પંચ સાહેદની જુબાનીથી ફરિયાદ પક્ષ નો કેસ પુરવાર થતો નથી.

બચાવપક્ષને સદર પંચ સાહેદ ની ઉલટતપાસ લેવાની તક આપવામાં આવેલ હોવા છતાં ઉલટતપાસ લેવામાં આવેલ નથી.

5.4 આ ગુનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે પંચ સાહેદ નં. 2 દેવરખીભાઇ પુનાભાઇ બારૈયાને આંક -30 થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે પરંતુ પંચનામાની વિગત બાબતે જાણકારી ન હોવાનુ જણાવેલ છે. જેથી પંચ સાહેદની જુબાનીથી ફરિયાદ પક્ષ નો કેસ પુરવાર થતો નથી.

બચાવપક્ષને સદર પંચ સાહેદ ની ઉલટતપાસ લેવાની તક આપવામાં આવેલ હોવા છતાં ઉલટતપાસ લેવામાં આવેલ નથી.

5.5 આ ગુનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે પંચ સાહેદ નં. 3 દેવાયતભાઇ જીવાભાઇ સુવાને આંક -35 થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે પરંતુ પંચનામાની વિગત બાબતે જાણકારી ન હોવાનુ જણાવેલ છે. જેથી પંચ સાહેદની જુબાનીથી ફરિયાદ પક્ષ નો કેસ પુરવાર થતો નથી.

ત્યારબાદ બચાવપક્ષ તરફે આરોપી નં.1 તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, “એ વાત ખરી નથી કે, અમો વાડીએ ગયા ત્યારે પોલીસે અમોને આ લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા અમોએ સહી કરી આપેલી. એ વાત ખરી છે કે, મેં

સરતપાસમાં જણાવેલ હકિકતો જે તે વખતે પણ પોલીસને જણાવેલી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા અને મારુ મકાન નજીક નજીકમાં આવેલ છે અને તેથી અવાર નવાર અમારે તે જગ્યા ઉપર જવાનું થતું હોય છે.”

ત્યારબાદ ત્યારબાદ બચાવપક્ષ તરફે આરોપી નં.2 તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, “આ પંચનામું કઈ તારીખે કરેલું તે તારીખ મને પાકી યાદ નથી. એ વાત ખરી છે કે, પંચનામું તૈયાર થતું હતું ત્યારે અન્ય પંચ વજભાઈ ત્યાં હાજર હતા. એવું બનેલ નહિં કે, અમો પંચનામું લખાવતા હોય અને પાલીસ લખતી હોય. સદર પંચનામું ભેંસ ચોરીના બનાવ બાબતનું હતું. પંચનામામાં તે જગ્યા કયા પ્રકારની છે તેવું લખાવેલ કે કેમ? તે મને યાદ નથી. એ વાત ખરી છે કે, વજુભાઈ નીકળ્યા ત્યારે પંચનામું લખાતું હતું અને પોલીસે તેઓની સહી લીધેલી. મેં અને વજભાઈએ એકસાથે જ સહી કરેલી. એ વાત ખરી નથી કે, મેં તવાર પંચનામામાં સહી કરેલ હોવા છતાં ફરીયાદી અમારા સગા થતા હોઈ, ખોટી જુબાની આપુ છું.”

5.6 આ ગુનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે પંચ સાહેદ નં. 4 વજુભાઇ ઓઘડભાઇ કનારાને આંક -37 થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે પરંતુ પંચનામાની વિગત બાબતે જાણકારી ન હોવાનુ જણાવેલ છે. જેથી પંચ સાહેદની જુબાનીથી ફરિયાદ પક્ષ નો કેસ પુરવાર થતો નથી.

બચાવપક્ષને સદર પંચ સાહેદ ની ઉલટતપાસ લેવાની તક આપવામાં આવેલ હોવા છતાં ઉલટતપાસ લેવામાં આવેલ નથી.

5.7 ફરિયાદ પક્ષે સાહેદ નં. 5 તરીકે આંક-6 થી ફરીયાદી દિલીપભાઇ રાજશીભાઇ સુવા પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, “મારી ખાખીજાળીયા રોડ પર સીતેર વિઘા જમીન આવેલી છે. તેમજ અમો બે ભાઇઓ છીએ. જેમાં કિશોરભાઇ અને

નાનો હુ અને અમો સંયુક્ત પરિવારમાં રહીએ છીએ. ઉપલેટા ખાખીજાળીયા રોડ પર મારી પાંચ વિઘા જમીન આવેલી છે તે વાડીમાં મકાન તથા ઢોરને બાંધવાનુ ઢાળીયુ છે ત્યાં બળદ તથા બે ભેંસો તથા ભેંસની પાડી રાખીએ છીએ અને મારા બાપુજી બળદ, ભેસો તથા ભેસની પાડીઓની દેખરેખ રાખે છે.

હાલનો બનાવ તા.૩૧/૦૫/૨૦૧૫ ના રાતના દશ વાગ્યા પછી બનેલો. મારા બાપુજી રાજશીભાઇ ઉપલેટા ખાખીજાળીયા રોડ પર આવેલ અમારી વાડીએ સદર અમારા પશુઓને ઢાળીયામાં બાંધી નિરણ પુરો નાખી ઘરે ઉપલેટા આવતા રહેલા હતા અને બીજા દિવસે તા.૦૧/૦૬/૨૦૧૫ ના રોજ વહેલા સવારના સાડા પાંચ વાગ્યા ભેસો દોવા માટે અમારી વાડીએ ગયેલ અને જોયુતો જે ઢાળીયામાં ભેસો બાંધેલી હતી તે ઢાળીયાનો પાછળનો ભાગ ખુલ્લો હોય તાર બાંધેલ તે તાર કાપી નાખેલ જોવામાં આવેલ અને અમારી બે ભેસો જોવામાં આવેલ નહી અને અમારી બે ભેસો ચોરી થયેલાનુ જણાતા મારા બાપુજીએ મને ફોન કરેલ અને બનાવની વાત કરેલ ત્યારે હુ જુનાગઢ હતો જેથી મે મારા બાપુજીને તપાસ કરવાનુ કહેતા તેઓ તપાસ કરવા લાગેલા અને હુ પણ બપોરે સાડા અગિયાર વાગ્યે આવી ગયેલ અને તપાસ કરતા હતા. અમે તપાસ કરેલી પણ ક્યાય ભેસો જોવા મળેલ નહી પછી અમોએ અમારા સબંધી મયુરભાઈ બારૈયાને મળેલ તેઓની સાથે અમારે વાતચીત થયેલી અને તેઓએ કહેલ કે નંદાસણ, કડી કલોલ બાજુ તપાસ કરવાનું કહેલ એટલે અમો તે બાજુ તપાસ કરવા ગયેલા. તપાસ કરતા ત્યા ભેસો જોવા મળેલ નહી અને અમો અમદાવાદ આવેલા ત્યા દાણીલીમડામાં તપાસ કરતા ત્યા એક કતલખાનાની અંદર એક ભેસ જોવા મળેલી અને ત્યા દાણીલીમડા પોલીસ સ્ટેશને વાતચીત કરેલી. ત્યા જાણવા મળેલ કે એક ભેસ કપાઇ ગયેલી હતી અને એક મળી આવેલી હતી. ત્યા અમને જાણવા મળેલ કે સીકંદરભાઈ ગની એ આ ભેંસોની ચોરી કરેલી હતી. જે ભાઈ જેતપુર નવાગઢનો વતની છે અને આ મારી ભેસો પૈકી એક પહેલા વેતરની હતી અને એક બીજા વેતરની હતી. એક ભેસની કિ. રૂ.૪૦,૦૦૦/- લેખે બે ભેંસની કિ. રૂ.૮૦,૦૦૦/- ગણાય અને અમોએ અમદાવાદ ફરીયાદ આપેલી અને ઉપલેટા પો. સ્ટેશનમાં આ બનાવની ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ તેમા મારી સહી છે. જે હુ ઓળખુ છુ જેને રજુ દા. આં. ૧૩૪ આપવામાં આવે છે. હું આરોપીને ઓળખુ છુ. આરોપી આજ રોજ કોર્ટમાં હાજર નથી તેના તરફે

મુક્તી રીપોર્ટ આંક-૧૩ ર થી રજુ કરેલ છે આરોપી તરફે તેના વિ. વ. દ્વારા ઓળખની તકરાર જતી કરવામાં આવેલી છે."

ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલી ઉલટતપાસ માં જણાવેલ છે કે "એ વાત ખરી છે સને ૨૦૧૫ ની સાલમા હુ ખેતી કામ કરતો હતો. એ વાત ખરી છે કે મે હાલની ફરીયાદ તા.૩૧/૦૫/૨૦૧૫ ના રોજ આપેલી હતી. એ વાત ખરી છે કે આ અંગેની બીજી ફરીયાદ મે અમદાવાદ દાણીલીમડા પો. સ્ટેશને પણ કરેલી. એ વાત ખરી છે કે મે હાલની ફરીયાદ આપતા સમયે અમોએ અમારી ખેતીની જમીન અંગેના કોઇ આધાર ફરીયાદ સાથે પોલીસને આપેલ નથી. એ વાત હુ જાણતો નથી કે કોઇ દુધાળા પશુઓને રાખતા હોય તો તેની નોંધણી તલાટી મંત્રી પાસે કરાવવાની હોય છે કે કેમ. મે જે સરતપાસમાં ભેસો અંગેની હકીકત જણાવેલી છે તેની મે કોઈ જગ્યાએ નોંધણી કરાવેલી નથી. એ વાત ખરી છે કે મે હાલની ફરીયાદ આપતા સમયે ભેસો મારી માલીકીની છે તેવો કોઈ આધાર પોલીસને આપેલ નથી. સાહેદ જણાવે છે કે ફરીયાદ આપ્યા બાદ પોલીસ વાડીએ પંચનામુ કરી ગયેલ. પંચનામુ કરવા પોલીસ તા.૩૧/૦૫/૨૦૧૫ ના રોજ આવેલી હતી. એ વાત ખરી છે કે તા.૩૧/૦૫/૨૦૧૫ ના રોજ પોલીસ મારી વાડીએ પંચનામુ કરી ગયેલ બાદ ફરી પાછા ક્યારેય પંચનામુ કરવા મારી વાડીએ આવેલ નથી. એ વાત ખરી છે કે મે જે સરતપાસમાં જે હકીકત જણાવેલી છે તે મુજબનો બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે સીકંદરભાઇ ગનીભાઇને ઓળખતા હોવાની હકીકત મે સરતપાસમાં જણાવેલી છે તે હુ અહીયા નામદાર કોર્ટમાં અગાઉ તારીખે આવેલો હોય જેથી મારી અને સીકંદરભાઇની મુલાકાત થવાથી ઓળખુ છુ તેને મે બનાવ સ્થળે ક્યારેય જોયેલ નથી. એ વાત ખરી નથી કે બનાવ અંગેની અમોને કોઇ જાત માહિતી ન હોય તેમ છતા ખોટી ફરીયાદ આપી ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી છે કે પોલીસ સ્ટેશને પોલીસે મારુ નામ, સરનામુ, મોબાઇલ નંબર પુછેલા ત્યારબાદ પોલીસે તૈયાર લખેલ ફરીયાદમાં સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલી."

આમ, ફરીયાદી ની જુબાની ધ્યાને લેતા તેઓએ બનાવ નજરે જોયેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં, હાલના આરોપીઓએ જ ફરીયાદીની મિલકતમાં અપપ્રવેશ કરેલ હોય તેવી પણ હકીકત જણાવેલ નથી.

5.8 આ ગુનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે સાહેદ નં. 6 તરીકે દેવાયતભાઇ જીવાભાઇ સુવાને આંક -136 થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "હાલનો બનાવ તા. ૩૧/૦૫/૨૦૧૫ના રોજ રાત્રીના બનેલો. મને સવારે બનાવની જાણ થયેલી. મને આ કામના ફરી દીલીપભાઈ એ જણાવેલ કે ખાખીજાળીયા રોડ ઉપર મારી રામવાડીમાં મારા ઢાળીયાનો બાંધેલ બે ભેંસો જેમાં એક ભુરી તથા એક કાળી જેને કોઈ ચોરી કરીને લઈ ગયેલ છે. મારા બાપુજી વાડીએ ભેંસો દોવા માટે ગયેલા ત્યારે ભેંસો જોવામાં નહી આવતા ખબર પડેલ અને આ ભેંસોની તપાસ કરવા આપણે જવાનું છે અને દીલીપભાઇએ અમારા કુટુંબી જીતુભાઈ કાનાભાઈ સુવા તથા જગદીશભાઈ કનારાને બોલાવેલ, તેઓને પણ આ બનાવની વાત કરેલી. દીલીપભાઈએ કહેલ કે આપણે આ ભેંસોની તપાસ કરવા જવાનું છે. પહેલા અમે અહીં ખાટકીવાડે તપાસ કરેલી. અને ત્યારબાદ ભેંસોના વેપારી મયુરભાઈ ઉકાભાઈ ને બનાવની વાત કરેલી તો તેઓએ કહેલ કે કડી, કલોલ, નંદાસણ અને ભટ્ટાસણમાં ભેંસોની તપાસ કરવા જાવ ત્યાં મારા દલાલ છે. ત્યા અમો તપાસ કરવા ગયેલા પણ ત્યાં અમારી ભેંસો હતી નહી. ત્યારબાદ અમો અમદાવાદ દાણીલીમડામાં તપાસ કરવા ગયેલા. ત્યાં અંદર અમો જોવા ગયેલા અને જમાતનો ભેંસવાડો છે ત્યાં એક ભેંસ અમને જોવા મળેલી. ત્યાં તે ભેંસવાડાનો માલીક શકીલ અહેમદ ઉસ્માન ગનીને વાત કરેલ કે આ ભેંસ અમારી છે. એટલે તેને પોતાનું રજી. જોયેલ અને ચેક કરેલી કે આ ભેંસ કોણ અમોને વેચી ગયેલ. એટલે અમોએ તેને જણાવેલ કે અમારી કાળી અને ભુરી એમ બે ભેંસો ચોરાયેલ કે એને અમોને કહેલ કે સીકંદર ગની રહે. જેતપુરવાળો અમોને આ ભેંસો વેચી ગયેલો. તેને અમને સીકંદરભાઈ ગનીના નંબર આપેલા અને એક ભેંસ પાછી આપેલ. અને અમે ડ્રાઈવર બાંધી એક ભેંસ પાછી લાવેલ. અને ત્યારબાદ દીલીપભાઇએ આ બનાવની ફરીયાદ આપેલી. આ બંને ભેંસોની કીમત ૪૦-૪૦ હજાર થાય છે. પોલીસે મારૂ નીવેદન લીધેલ. સીકંદરભાઈ ગનીને હું જોયે ઓળખતો નથી."

ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે આ બનાવ મે નજરે જોયેલ નથી, એ વાત ખરી છે કે બનાવની અમને દીલીપભાઈએ વાત કરેલી એટલે મને માહીતી છે. એ વાત ખરી નથી કે

દીલીપભાઈએ ફરીયાદ કર્યા બાદ પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી. એ વાત ખરી નથી કે પોલીસે મારૂ નામ સરનામુ જેવી વિગત પુછેલ બીજી કોઈ વિગત પુછેલ નથી કે મે પોલીસને જણાવેલ નથી. એ વાત ખરી નથી કે હું બોલતો હોવ અને પોલીસ લખતી હોય એવું કાંઈ બનેલ નથી. એ વાત ખરી છે કે હું બોલતો હોવ અને પોલીસ બોલપેનથી લખતા હતાં. એ વાત ખરી છે કે કડી, કલોલ જતા અગાઉ ખાટકીવાડે ગયેલ હોવાની હકીકત મે મારા પોલીસ નીવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં મયુરભાઈ ઉકાભાઈ પાસે જતાં તેઓએ કહેલ કે ત્યાં તપાસ કરવા જાવ ત્યાં મારા દલાલ છે એવી હકીકત લખાવેલ નથી. એ વાત ખરી નથી કે અમે અમદાવાદ ઉસ્માનભાઈ ગનીભાઈ પાસે ગયેલા તેમને પોતાનું રજી. જોઈ ભેંસોની વિગત આપેલની હકીકત મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે ઉસ્માનભાઈ ગનીભાઈ અમોને મોબાઈલ નંબર આપેલા એક ભેંસ પાછી અમો પ્રાઈવેટ વાહન બાંધી પરત આવેલ તેવી હકીકત મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં જણાવેલ નથી. પોલીસે બોલપેનથી લખેલા કાગળમાં મારી સહી લીધી હતી કે કેમ તે મને હાલ યાદ નથી. એ વાત ખરી નથી કે હું બનાવ અંગે કાઈ જાણતો ન હોવા છતાં દીલીપભાઈ મારા સગા થતા હોય જેથી તેમને મદદરૂપ થવા માટે ખોટી જુબાની આપું છું."

આમ, સદર સાહેદ ની જુબાની ધ્યાને લેતા તેઓએ એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે તેઓને બનાવની જાણ ફરીયાદી દ્વારા થયેલ તેમજ એક ભેંસ તેઓ પરત લાવેલ હતા. પંરતુ આ ભેંસ હાલના આરોપી પાસેથી પરત મળેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

5.9 આ ગુનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે સાહેદ નં. 7 તરીકે જીતુભાઇ કાનાભાઇ સુવાને આંક -136 થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "હાલનો બનાવ તા. ૩૧/૦૫/૨૦૧૫ના રોજ રાત્રીના બનેલો. મને સવારે બનાવની જાણ થયેલી. મને આ કામના ફરી દીલીપભાઈ એ જણાવેલ કે ખાખીજાળીયા રોડ ઉપર મારી રામવાડીમાં મારા ઢાળીયાનો બાંધેલ બે ભેંસો જેમાં એક ભુરી તથા એક કાળી જેને કોઈ ચોરી કરીને લઈ ગયેલ છે. મારા બાપુજી વાડીએ ભેંસો દોવા માટે ગયેલા ત્યારે ભેંસો જોવામાં નહી આવતા ખબર પડેલ અને આ

ભેંસોની તપાસ કરવા આપણે જવાનું છે અને દીલીપભાઇએ અમારા કુટુંબી જીતુભાઈ કાનાભાઈ સુવા તથા જગદીશભાઈ કનારાને બોલાવેલ, તેઓને પણ આ બનાવની વાત કરેલી. દીલીપભાઈએ કહેલ કે આપણે આ ભેંસોની તપાસ કરવા જવાનું છે. પહેલા અમે અહીં ખાટકીવાડે તપાસ કરેલી. અને ત્યારબાદ ભેંસોના વેપારી મયુરભાઈ ઉકાભાઈ ને બનાવની વાત કરેલી તો તેઓઅ કહેલ કે કડી, કલોલ, નંદાસણ અને ભદ્રાસણમાં ભેંસોની તપાસ કરવા જાવ ત્યાં મારા દલાલ છે. ત્યા અમો તપાસ કરવા ગયેલા પણ ત્યાં અમારી ભેંસો હતી નહી. ત્યારબાદ અમો અમદાવાદ દાણીલીમડામાં તપાસ કરવા ગયેલા. ત્યાં અંદર અમો જોવા ગયેલા અને જમાતનો ભેંસવાડો છે ત્યાં એક ભેંસ અમને જોવા મળેલી. ત્યાં તે ભેંસવાડાનો માલીક શકીલ અહેમદ ઉસ્માન ગનીને વાત કરેલ કે આ ભેંસ અમારી છે. એટલે તેને પોતાનું રજી. જોયેલ અને ચેક કરેલી કે આ ભેંસ કોણ અમોને વેચી ગયેલ. એટલે અમોએ તેને જણાવેલ કે અમારી કાળી અને ભુરી એમ બે ભેંસો ચોરાયેલ એને અમોને કહેલ કે સીકંદર ગની રહે. જેતપુરવાળો અમોને આ ભેંસો વેચી ગયેલો. તેને અમને સીકંદરભાઈ ગનીના નંબર આપેલા અને એક ભેંસ પાછી આપેલ. અને અમે ડ્રાઈવર બાંધી એક ભેંસ પાછી લાવેલ. અને ત્યારબાદ દીલીપભાઇએ આ બનાવની ફરીયાદ આપેલી. આ બંને ભેંસોની કીમત ૪૦-૪૦ હજાર થાય છે. પોલીસે મારૂ નીવેદન લીધેલ. સીકંદરભાઈ ગનીને હું જોયે ઓળખતો નથી."

ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે આ બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે બનાવની અમને દીલીપભાઈએ વાત કરેલી એટલે મને માહીતી છે. એ વાત ખરી નથી કે દીલીપભાઇએ ફરીયાદ કર્યા બાદ પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી. એ વાત ખરી નથી કે પોલીસે મારૂ નામ સરનામું જેવી વિગત પુછેલ બીજી કોઈ વિગત પુછેલ નથી કે મે પોલીસને જણાવેલ નથી. એ વાત ખરી નથી કે હું બોલતો હોવ અને પોલીસ લખતી હોય એવું કાંઈ બનેલ નથી. એ વાત ખરી છે કે હું બોલતો હોવ અને પોલીસ બોલપેનથી લખતા હતાં. એ વાત ખરી છે કેકડી, કલોલ જતા અગાઉ ખાટકીવાડે ગયેલ હોવાની હકીકત મે મારા પોલીસ નીવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં મયુરભાઈ ઉકાભાઈ પાસે જતાં તેઓએ કહેલ કે ત્યાં તપાસ કરવા જાવ ત્યાં મારા દલાલ છે એવી હકીકત લખાવેલ નથી. એ

વાત ખરી નથી કે અમે અમદાવાદ ઉસ્માનભાઈ ગનીભાઈ પાસે ગયેલા તેમને પોતાનું રજી. જોઈ ભેંસોની વિગત આપેલની હકીકત મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે ઉસ્માનભાઈ ગનીભાઇ અમોને મોબાઈલ નંબર આપેલા એક ભેંસ પાછી અમો પ્રાઈવેટ વાહન બાંધી પરત આવેલ તેવેલી હકીકત મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં જણાવેલ નથી. પોલીસે બોલપેનથી લખેલા કાગળમાં મારી સહી લીધી હતી કે કેમ તે મને હાલ યાદ નથી. એ વાત ખરી નથી કે હું બનાવ અંગે કાઈ જાણતો ન હોવા છતાં દીલીપભાઈ મારા સગા થતા હોય જેથી તેમને મદદરૂપ થવા માટે ખોટી જુબાની આપું છું.”

5.10 આ ગુનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે સાહેદ નં. 8 તરીકે ભરતભાઇ લાખાભાઇ વસરાને આંક -139 થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, “હાલનો બનાવ તા. ૩૧/૦૫/૨૦૧૫ના રોજ રાત્રીના બનેલો. મને સવારે બનાવની જાણ થયેલી. મને આ કામના ફરી દીલીપભાઈ એ જણાવેલ કે ખાખીજાળીયા રોડ ઉપર મારી રામવાડીમાં મારા ઢાળીયાનો બાંધેલ બે ભેંસો જેમાં એક ભુરી તથા એક કાળી જેને કોઈ ચોરી કરીને લઈ ગયેલ છે. મારા બાપુજી વાડીએ ભેંસો દોવા માટે ગયેલા ત્યારે ભેંસો જોવામાં નહી આવતા ખબર પડેલ અને આ ભેંસોની તપાસ કરવા આપણે જવાનું છે અને દીલીપભાઈએ અમારા કુટુંબી જીતુભાઈ કાનાભાઈ સુવા તથા જગદીશભાઈ કનારાને બોલાવેલ, તેઓને પણ આ બનાવની વાત કરેલી. દીલીપભાઈએ કહેલ કે આપણે આ ભેંસોની તપાસ કરવા જવાનું છે. પહેલા અમે અહીં ખાટકીવાડે તપાસ કરેલી. અને ત્યારબાદ ભેંસોના વેપારી મયુરભાઈ ઉકાભાઈ ને બનાવની વાત કરેલી તો તેઓઅ કહેલ કે કડી,કલોલ, નંદાસણ અને ભદ્રાસણમાં ભેંસોની તપાસ કરવા જાવ ત્યાં મારા દલાલ છે. ત્યા અમો તપાસ કરવા ગયેલા પણ ત્યાં ફરીયાદીની ભેંસો હતી નહી. ત્યારબાદ ફરીયાદી અમદાવાદ દાણીલીમડામાં તપાસ કરવા ગયેલા. ત્યાં અંદર ફરીયાદી જોવા ગયેલા અને જમાતનો ભેંસવાડો છે ત્યાં એક ભેંસ ફરીયાદીને જોવા મળેલી. ત્યાં તે ભેંસવાડાનો માલીક શકીલ અહેમદ ઉસ્માન ગનીને વાત કરેલ કે આ ભેંસ અમારી છે. એટલે તેને પોતાનું રજી. જોયેલ અને ચેક કરેલી કે આ ભેંસ કોણ અમોને વેચી ગયેલ. એટલે અમોએ તેને જણાવેલ કે અમારી કાળી અને ભુરી એમ બે ભેંસો ચોરાયેલ કે એને

ફરીયાદીને કહેલ કે સીકંદર ગની રહે. જેતપુરવાળો અમોને આ ભેંસો વેચી ગયેલો. તેને ફરીયાદીને સીકંદરભાઈ ગનીના નંબર આપેલા અને એક ભેંસ પાછી આપેલ. અને ફરીયાદી ડ્રાઈવર બાંધી એક ભેંસ પાછી લાવેલ. સદર ભેંસ ગુનાના કામે કબજે કરેલ. સદર કબજે કરલે ભેંસને નીભાવવા માટે પોલીસ સ્ટેશન ખાતે કોઈ ઘાસ-ચારા કે પાણીની સગવડ ન હોય સદર ભેંસને નીભાવવા માટે ઘનશ્યામ ગૌશાળામાં સોંપેલી. અને તેની મને પાવતી લખી આપેલી જે પાવતી મને બતાવવામાં આવે છે તેમાં મેને. ટ્રસ્ટીની સહી છે તે મારી રૂબરૂમાં લખાવવામાં આવેલ જે હું ઓળખું છુ જે રજુ દા. આંક-140 આપવામાં આવે છે. અને દીલીપભાઈએ આ બનાવની ફરીયાદ આપેલી. આ બંને ભેંસોની કીમત ૪૦-૪૦ હજાર થાય છે. પોલીસે મારૂ નીવેદન લીધેલ."

ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે આ બનાવ કઈ તારીખે અને કેટલા અરસાના સમયમાં બનેલો તેની મને કોઈ જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે પોલીસે અમોને ભેંસ સોંપેલી ત્યારે ભેંસની માલીકી અંગેનો કોઈ આધાર આપેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે અમોને કહેલ કે આ ભેંસ તમારે રાખવાની છે એટલે અમોએ ગૌશાળા વતી ભેંસ રાખવા માટે સંમતી બતાવેલ. એ વાત ખરી છે કે પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી કે તપાસના કામે નીવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે સરતપાસમાં લખાવ્યા મુજબની ખોટી હકીકત જણાવી ખોટી જુબાની આપું છુ."

5.11 આ ગુનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે સાહેદ નં. 9 તરીકે જગદીશભાઇ દેવાયતભાઇ કનારાને આંક -141 થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "હાલનો બનાવ તા. ૩૧/૦૫/૨૦૧૫ના રોજ રાત્રીના બનેલો. મને સવારે બનાવની જાણ થયેલી. મને આ કામના ફરી દીલીપભાઈ એ જણાવેલ કે ખાખીજાળીયા રોડ ઉપર મારી રામવાડીમાં મારા ઢાળીયાનો બાંધેલ બે ભેંસો જેમાં એક ભુરી તથા એક કાળી જેને કોઈ ચોરી કરીને લઈ ગયેલ છે. મારા બાપુજી વાડીએ ભેંસો દોવા માટે ગયેલા ત્યારે ભેંસો જોવામાં નહી આવતા ખબર પડેલ અને આ ભેંસોની તપાસ કરવા આપણે જવાનું છે અને દીલીપભાઇએ અમારા કુટુંબી

જીતુભાઈ કાનાભાઈ સુવા તથા જગદીશભાઈ કનારાને બોલાવેલ, તેઓને પણ આ બનાવની વાત કરેલી. દીલીપભાઈએ કહેલ કે આપણે આ ભેંસોની તપાસ કરવા જવાનું છે. પહેલા અમે અહીં ખાટકીવાડે તપાસ કરેલી. અને ત્યારબાદ ભેંસોના વેપારી મયુરભાઈ ઉકાભાઈ ને બનાવની વાત કરેલી તો તેઓએ કહેલ કે કડી,કલોલ, નંદાસણ અને ભદ્રાસણમાં ભેંસોની તપાસ કરવા જાવ ત્યાં મારા દલાલ છે. ત્યા અમો તપાસ કરવા ગયેલા પણ ત્યાં ફરીયાદીની ભેંસો હતી નહી. ત્યારબાદ ફરીયાદી અમદાવાદ દાણીલીમડામાં તપાસ કરવા ગયેલા. ત્યાં અંદર ફરીયાદી જોવા ગયેલા અને જમાતનો ભેંસવાડો છે ત્યાં એક ભેંસ ફરીયાદીને જોવા મળેલી. ત્યાં તે ભેંસવાડાનો માલીક શકીલ અહેમદ ઉસ્માન ગનીને વાત કરેલ કે આ ભેંસ અમારી છે. એટલે તેને પોતાનું રજી. જોયેલ અને ચેક કરેલી કે આ ભેંસ કોણ અમોને વેચી ગયેલ. એટલે અમોએ તેને જણાવેલ કે અમારી કાળી અને ભુરી એમ બે ભેંસો ચોરાયેલ કે એને ફરીયાદીને કહેલ કે સીકંદર ગની રહે. જેતપુરવાળો અમોને આ ભેંસો વેચી ગયેલો. તેને ફરીયાદીને સીકંદરભાઈ ગનીના નંબર આપેલા અને એક ભેંસ પાછી આપેલ. અને ફરીયાદી ડ્રાઈવર બાંધી એક ભેંસ પાછી લાવેલ. અને દીલીપભાઈએ આ બનાવની ફરીયાદ આપેલી. આ બંને ભેંસોની કીમત ૪૦-૪૦ હજાર થાય છે. પોલીસે મારૂ નીવેદન લીધેલ. હું આરોપીને ઓળખતો નથી.”

ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, “એ વાત ખરી છે કે આ બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે બનાવની અમને દીલીપભાઈએ વાત કરેલી એટલે મને માહીતી છે. એ વાત ખરી નથી કે દીલીપભાઇએ ફરીયાદ કર્યા બાદ પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી. એ વાત ખરી નથી કે પોલીસે મારૂ નામ સરનામુ જેવી વિગત પુછેલ બીજી કોઈ વિગત પુછેલ નથી કે મે પોલીસને જણાવેલ નથી. એ વાત ખરી નથી કે હું બોલતો હોવ અને પોલીસ લખતી હોય એવું કાંઈ બનેલ નથી. એ વાત ખરી છે કે હું બોલતો હોવ અને પોલીસ બોલપેનથી લખતા હતાં. એ વાત ખરી છે કે કડી, કલોલ જતા અગાઉ ખાટકીવાડે ગયેલ હોવાની હકીકત મે મારા પોલીસ નીવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં મયુરભાઈ ઉકાભાઈ પાસે જતાં તેઓએ કહેલ કે ત્યાં તપાસ કરવા જાવ ત્યાં મારા દલાલ છે એવી હકીકત લખાવેલ નથી. એ વાત ખરી નથી કે અમે અમદાવાદ ઉસ્માનભાઈ ગનીભાઈ પાસે ગયેલા તેમને

પોતાનું રજી. જોઈ ભેંસોની વિગત આપેલની હકીકત મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે ઉસ્માનભાઈ ગનીભાઈ અમોને મોબાઈલ નંબર આપેલા એક ભેંસ પાછી અમો પ્રાઈવેટ વાહન બાંધી પરત આવેલ તેવલી હકીકત મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં જણાવેલ નથી. પોલીસે બોલપેનથી લખેલા કાગળમાં મારી સહી લીધી હતી કે કેમ તે મને હાલ યાદ નથી. એ વાત ખરી નથી કે હું બનાવ અંગે કાઈ જાણતો ન હોવા છતાં દીલીપભાઈ મારા સગા થતા હોય જેથી તેમને મદદરૂપ થવા માટે ખોટી જુબાની આપું છું."

5.12 આ ગુનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે સાહેદ નં. 10 તરીકે મહાદેવભાઇ વરસંગભાઈ પટેલને આંક -143 થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "હુ બનાવ અરસામા માધવલાલ મગનલાલ આંગણીયા પેઢીમા અમદાવાદ ખાતે મેનેજર તરીકે નોકરી કરતો હતો અને અમારી પેઢીમા થી મે કેટલા પૈસા જેતપુર મોકલેલા તે હાલે મને યાદ નથી અને શુ વહેવાર હતો તે પણ મને યાદ નથી. મને પટેલ માધવલાલ મગનલાલ આંગણીયા પેઢીમા ડીલીવરી સ્લીપ બતાવવામાં આવે છે જે સ્લીપ અમારી જ છે. જે જોઇને કહુ છુ જેમા મોકલનાર તરીકે શકીલભાઈ નુ નામ છે અને ડીલીવરી તારીખ ૦૨/૦૬/૨૦૧૫ છે અને લેનાર પાર્ટીનુ નામ સીકન્દરભાઇ છે અને તેમા સીકન્દરભાઈ ની સહી છે અને જે રૂ.૧,૫૦,૦૦૦/- છે તેમજ આંગણીયા પેઢીનો મેમો બતાવવામાં આવે છે જે ખરીનકલ હોય તેમજ ડીલીવરી બુક જે ખરીનકલ હોય તેને આંક પાડવા સામે બચાવ પક્ષે સખત વાંધો આપવાનો હુકમ કરવામા આવે છે પરંતુ સદર ડોક્યુમેન્ટ ખરીનકલ હોય જેને ટેન્ટેટીવ આંક અનુક્રમે ૧૪૪ થી ૧૪૬ આપવાનો હુકમ કરવામાં આવે છે."

ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે આંગણીયા પેઢીમા કોઇ પૈસા મોકલાવવા માટે આવે તો મોકલનાર પેઢી અમારી પેઢીને સ્લીપ ભરીને આપે છે. એ વાત ખરી છે કે સ્લીપમા જે મોકલનાર વ્યક્તિ તરીકે નામ લખેલ હોય તે વ્યક્તિના નામનુ મોકલનાર તરીકે આંગણીયુ સ્વીકારી લઇએ છીએ. એ વાત ખરી છે કે મોકલનાર વ્યક્તિનુ અમે

આઇ.ડી. પ્રુફ કે ઓળખકાર્ડ સ્લીપમા ભરેલ નામ સાથે વેરીફાઇ કરતા નથી. એ વાત ખરી છે કે મોકલનાર વ્યક્તિ સ્લીપમા ભરેલ નામ વાળી જ વ્યક્તિ છે કે કેમ તે અમે ચોક્કસ ન કહી શકીએ. એ વાત ખરી છે કે આંગણીયુ લેનાર વ્યક્ત જે નામ જણાવેલુ હોય તે વ્યક્તિનુ ફોન નંબર થી જ કોન્ટેક કરીને આંગણીયુ આપી દેતા હોય છે તે વ્યક્તિના લખાવેલ નામ સાથે કોઇ આઇ. ડી. પ્રુફ કે ઓળખકાર્ડની ખરાઇ કરવામા આવતી નથી. એ વાત ખરી છે કે હાલના કિસ્સામા આંગણીયુ કોના મારફત થયેલ હોય અને કોણે સ્વીકારેલ છે તેની મને કોઇ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે ટેન્ટેટીવ આંક ૧૪૪ થી ૧૪૬ વાળા દસ્તાવેજો પોલીસે મારી પાસેથી મેળવેલા નથી કે મારી હાજરીમા મારી પેઢી પાસેથી મેળવેલા છે કે કેમ તેની મને કોઇ માહિતી નથી. એ વાત ખરી છે કે પોલીસે મારી ક્યારેય આ બાબતે કોઇ પુછપરછ પણ કરેલ નથી."

5.13 આ ગુનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે સાહેદ નં. 11 તરીકે શકીલ અહેમદ ઉસ્માન ગનીભાઇ કુરેશીને આંક -149 થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "મને નામ. કોર્ટમાંથી સમન્સ બજતા હું આજ રોજ નામ. કોર્ટમાં હાજર થયેલ છું. બનાવ અંગે હું કાંઈ જાણતો નથી કે પોલીસે મારુ કોઈ નીવેદન નોંધેલુ નથી."

બચાવપક્ષને સદર સાહેદ ની ઉલટતપાસ લેવાની તક આપવામાં આવેલ હોવા છતાં ઉલટતપાસ લેવામાં આવેલ નથી.

5.14 આ ગુનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે સાહેદ નં. 12 તરીકે કલ્પેશભાઇ ચેહાભાઇ સિંધવને આંક -151 થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "હુ સને ૨૦૧૫ ની સાલમાં માધવલાલ મગનલાલ આંગણીયા પેઢીમા જેતપુર શાખામાં નોકરી કરતો હતો. અને હાલે મે નોકરી મુકી દીધેલી છે અને દશ વર્ષ પહેલાનુ હાલ મને કાંઇ યાદ નથી."

ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, “એ વાત ખરી નથી કે હુ માધવલાલ મગન આંગણીયા પેઢીમાં નોકરી કરતા હોવાનો કોઇ આધાર મે પોલીસને આપેલ નથી. સાહેદ જણાવે છે કે મે જેતપુર સીટી પો. સ્ટે. મા આધાર આપેલ હતો. એ વાત ખરી છે કે આવો નોકરી કરવા અંગેનો કોઇ આધાર ઉપલેટા પો.સ્ટે. મા મે ક્યારેય આપેલ નથી. એ વાત ખરી છે કે ટે. આંક ૧૪૫ વાળો દસ્તાવેજ જેતપુર પટેલ માધવલાલ મગનલાલની પેઢીનો છે તેવો કોઈ ઉલ્લેખ ટે. આંક ૧૪૫ વાળા દસ્તાવેજમાં કરેલ નથી. એ વાત ખરી છે કે ટે. આંક ૧૪૫ વાળો દસ્તાવેજ મે મારા સ્વ હસ્તાક્ષરમાં લખેલ નથી. એ વાત ખરી છે કે આ દસ્તાવેજ મે લખેલ નથી જેથી આ દસ્તાવેજના લખાણ તથા લેનાર તથા મોકલનાર અંગેની મને કોઇ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે ટે.આંક ૧૪૫ વાળો દસ્તાવેજ મે પોલીસને ક્યારેય આપેલ નથી."

5.15 આ ગુનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે સાહેદ નં. 13 તરીકે કીરણપુરી ગંગાપુરી ગોસ્વામીને આંક -157 થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, “અમો સબ ઇન્સપેક્ટર તરીકે ઉપલેટા પો. સ્ટે. માં ફરજ બજાવતા હતા. તે વખતે પી. એસ.ઓ. તરફથી તા.૦૩/૦૬/૨૦૧૫ ના રોજ ફ. ગુ. ૨ નં. ૨૬/૨૦૧૫ ઇ.પી.કો. ૩૭૯,૪૧૭ મુજબની ફરીયાદની તપાસ અમોને સોંપેલ. જે ફરીયાદ જોતા તેમાં ફરીયાદી દીલીપભાઇની ફરીયાદ મુજબ આરોપી સીકંદર ઉર્ફે ગની હુશેન તથા તેમાં ચોરીના કામમા મદદ કરનાર બાવ બાધુ, રાજેશ ઉર્ફે રાજુ ના ઓ એ ફરીયાદીની વાડામાં બાંધેલ બે ભેંસો ચોરી કરી મેટાડોરમાં લઇ જઇ અમદાવાદ દાણીલીમડામાં વહેચી નાખેલ અને તેના અવેજી રૂપે માધવ મગન આંગણીયામાંથી નાણા મેળવી લીધેલ તેમજ આ કામે આરોપીને પકડેલ, આરોપીના રીમાન્ડ મેળવેલ તેમજ એક ભેંસ જે મળી આવેલ તે કબ્જે કરેલ અને પાંજરાપોળમાં મુકેલ, પાંજરાપોળની સ્લીપ મેળવેલ તેમજ સહ આરોપીઓનુ ટ્રાન્સફર વોરન્ટથી કબ્જો મેળવેલ અને અટક કરેલ. આ કામે આરોપીઓએ ભેગા મળી ચોરીના કામે અંજામ આપેલ હોય તેમજ નાણાકીય વળતર મેળવેલ હોય પુરાવા પડતા તેઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં મોકલેલ. હુ આરોપીઓને ઓળખુ છુ. આરોપીઓ તરફે આરોપી નં. ૧ નો રીપોર્ટ રજુ છે જેમાં ઓળખની તકરાર જતી કરેલ છે. મને અસલ

ડેપ્યુટ હુકમ બતાવવામા આવે છે તે જોઇને કહુ છુ તેમા પી.એસ.ઓ. ની સહી છે જે હુ ઓળખુ છુ જેને રજુ દા. આં. ૧૫૮ આપવામાં આવે છે. મને આંક ૧૪૦ ની પાવતી બતાવવામાં આવે છે જે મે તપાસના કામે મેળવેલ તે જ છે. મને આંક ૧૩૪ ની ફરીયાદ બતાવવામા આવે છે જે જોઇને કહુ છુ જે મને તપાસના કામે મળેલ તે જ છે. મને આંક ૩૬ વાળુ સ્થાનિક જગ્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમા મારી તથા પંચોની સહી છે જે હુ ઓળખુ છુ. મને આંક ૨૯ વાળુ ભેંસ કબ્જે કર્યા અંગેનું પંચનામુ બતાવવામા આવે છે જેમા મારી તથા પંચોની સહી છે જે હુ ઓળખુ છુ. તેમજ મને ટે. આંક ૧૪૪, ૧૪૫, ૧૪૬ ની અનુક્રમે પાવતી, આંગણીયા પેઢીના રજીસ્ટરનો ઉતારો તથા આંગણીયુ કરેલાની પહોંચ બતાવવામાં આવે છે જે જોઇને કહુ છુ કે તેમાં મારી સહી છે અને તપાસના કામે કબ્જે કરેલ તે જ ૪ છે, છે, જે ખરીનકલ હોય સદરહુ સાહેદમાં રીફર થયેલ હોય પાકો આંક આપવા વિનંતી છે. જેના સામે બચાવ પક્ષે પાકો આંક આપવા સામે વાંધો લીધેલ છે અને રજુઆત કરેલ છે સદર ડોક્યુમેન્ટ્સ અસલ ન હોય આંક આપી શકાય નહી. બંન્ને પક્ષની રજુઆત ધ્યાને લીધી, ઉપરોક્ત ટેન્ટેટીવ આંક ૧૪૪, ૧૪૫,૧૪૬ વાળા ડોક્યુમેન્ટ્સ હાલના સાહેદ એટલે કે આઈ.ઓ. શ્રીએ તપાસના કામે કબ્જે કરેલ હોય તથા અસલ પરથી ખરીનકલ કરેલ હોય સદર ડોક્યુમેન્ટ્સને પાકો આંક આપવામાં આવે છે.”

ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, “એ વાત ખરી છે કે મને જે તપાસના કામે ફરીયાદીની ફરીયાદ મળેલ તે મુજબ ગુનો તા.૩૧/૦૫/૨૦૧૫ ના રોજ બનેલ. એ વાત ખરી છે કે આંક ૩૬ વાળુ સ્થાનિક જગ્યાનુ પંચનામુ તા.૦૩/૦૬/૨૦૧૫ ના રોજ કરેલ. મને એવી કોઇ માહિતી નથી કે ફરીયાદીએ હાલની ફરીયાદ નોંધાવતા અગાઉ અમારા પો. સ્ટે. માં કોઇ બનાવ અંગેની જાણવા જોગ નોંધ કે સ્ટે. ડાયરી નોંધ થયેલી છે કે કેમ, એ વાત ખરી છે કે મે તપાસના કામે આવી કોઈ સ્ટે. ડાયરી નોંધ કે જાણવા જોગ નોંધ થયેલ છે કે કેમ તેની કોઈ ખરાઇ કરેલ નથી. એ વાત ખરી છે કે આંક ૨૯ વાળા પંચનામા મુજબ તે પંચનામું હાલના ફરીયાદીના વાડીએ જ કરેલ છે અને ફરીયાદીની વાડીએ થી જ ભેંસ કબ્જે કરેલ છે. એ વાત ખરી નથી કે ફરીયાદીની ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનેલ ન હોવા છતા ફરીયાદીની વાડી પર ખોટુ ભેંસ કબ્જે કર્યાનુ પંચનામું કરેલ છે. એ વાત

ખરી છે કે ફરીયાદીની ફરીયાદ મુજબ ફરીયાદી ભેંસો ધરાવે છે કે કેમ તે અંગેનો કોઈ સરકારી દસ્તાવેજી આધાર મે તપાસના કામે કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદીની ફરીયાદ મુજબનુ બનાવ સ્થળ વાડીનુ કોઇ દસ્તાવેજી સરકારી આધાર મે તપાસના કામે મેળવેલ નથી. એ વાત ખરી છે કે મારી સમગ્ર તપાસ દરમિયાન આ વાડી કોની માલિકીની છે તેની પણ કોઈ ખરાઈ કરેલ નથી. એ વાત ખરી છે કે આંક ૧૪૪, ૧૪૫,૧૪૬ વાળા દસ્તાવેજોમાં પટેલ માધવલાલ મગનલાલ કંપની વતી કોઈ કર્મચારીની સહી કે સિક્કો કરેલ નથી. એ વાત ખરી છે કે આંક ૧૪૪ વાળા દસ્તાવેજમાં રવાના તારીખ લખાયેલ નથી.

સવાલ - આંક ૧૪૫ વાળા દસ્તાવેજમાં આરોપીના નામની કોઇ એન્ટ્રી થયેલ નથી?
અસલજવાબ - રજીસ્ટરનો જે ઉતારો લીધેલ છે તેમાં આરોપીનુ નામ નથી.

એ વાત ખરી છે કે આંક ૧૪૪, ૧૪૫, ૧૪૬ વાળા દસ્તાવેજો અસલ પરથી ખરીનકલ કર્યા અંગેના આંગણીયા પેઢી પર પંચો રૂબરૂ કોઇ પંચનામુ કે રોજકામ તપાસના કામે કરેલ નથી. એ વાત ખરી છે કે આંક ૧૪૪, ૧૪૫,૧૪૬ વાળા દસ્તાવેજો આંગણીયા પેઢીના રેકર્ડ છે અમારા પો. સ્ટે. નુ રેકર્ડ નથી. એ વાત ખરી છે કે આંક ૧૪૪,૧૪૫,૧૪૬ વાળા દસ્તાવેજો અસલ તપાસના કામે કબ્જે કરેલ નથી. એ વાત ખરી નથી કે આ કામના સાહેદોના નિવેદન ફરીયાદીની ખોટી ફરીયાદને અનુરૂપ મે મારી જાતે ખોટા નોંધી દીધેલ છે. એ વાત ખરી નથી કે સાહેદના નિવેદનો સાહેદોના લખાવ્યા મુજબના અમોએ લખેલ નથી. એ વાત ખરી નથી કે મે તૈયાર પંચનામામા પાછળથી પંચોની સહીઓ મેળવી ખોટા પંચનામા ઉભા કરી તપાસના કામે ખોટા પંચનામા સામેલ રાખેલ છે. એ વાત ખરી નથી કે ફરીયાદીની ફરીયાદ મુજબનો કોઇ બનાવ બનેલ ન હોવા છતા ફરીયાદીની ખોટી ફરીયાદને મદદરૂપ થવા માટે ખોટી તપાસ કરી આરોપીઓ વિરૂધ્ધ કોઇ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે અને મારી ખોટી તપાસને મદદરૂપ થવા માટે સરતપાસમાં લખાવ્યા મુજબની ખોટી હકીકત જણાવી ખોટી જુબાની આપુ છુ."

આમ, તપાસ કરનાર અધિકારીએ તેઓએ કરેલ તપાસને સમર્થનકારી હકીકતો જણાવેલ છે.

5.14 આમ, સદર કામે ફરિયાદ પક્ષે રજૂ કરવામાં આવેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આંક - 29 થી રજૂ ભેંસો કબજે કર્યા અંગેનું પંચનામુ, આંક - 36 થી રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ, આંક - 133 થી રજૂ ફરીયાદીની જુબાની, આંક - 134 થી રજુ ફરીયાદ, આંક - 140 થી રજુ પાવતી, આંક - 144 થી રજુ ડિલિવરી આપેલ માલની પહોંચ ની નકલ, આંક - 145 થી રજુ ડિલિવરી બુક, આંક - 146 થી રજુ ડિલિવરી સ્લીપ ધ્યાને લેતા ફરીયાદી તરફે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ બનાવ નજરે જોયેલ નહીં તેમજ ફરીયાદપક્ષ તરફે બનાવવાળી જગ્યા કે ભેંસોની માલિકીનો કોઇ પુરાવો રજુ કરેલ નથી.

વધુમાં, આ કામે અગત્યના સાહેદ ભેંસવાડાના માલિક શકીલ અહેમદ ઉસ્માન ગનીભાઇ કુરેશીનાઓને આંક - 149 થી તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની જુબાનીમાં બનાવ બાબતે કોઇ હકીકત જણાવેલ નથી. તેમજ તપાસ કરનાર અધિકારીએ આરોપીએ ભેંસો વેચાણ આપેલ તે અંગેના દસ્તાવેજ મેળવેલ નથી અને હાલના કામે રજૂ રાખેલ નથી આમ આરોપીને આ ગુનામાં સંડોવી શકાય તેવો સક્ષમ અને માની શકાય તેવો પુરાવો રજૂ થયેલ નથી. માત્ર અનુમાન આધારે અને સાંભળેલ વાતો આધારે આરોપી સામે ગુના નું ચાર્જશીટ કરેલ છે. વધુમાં, હાલના કામે ફરીયાદ પક્ષે કોઈ નજરે જોનાર કોઈ સાહેદને તપાસવામાં આવેલ નથી. જેથી, હાલના આરોપીએ જ ફરિયાદીની ભેંસોની ચોરી કરેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી.

5.15 આમ, ફરિયાદ પક્ષ આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ - 379, 447, 114 મુજબના ગુનાઓ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોઇ મુદ્દા નં. 1 નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. 2 અંગે નીચે મુજબ આથી હુકમ કરવામાં આવે છે.

<u>હુકમ</u>

1. આ કામના આરોપી નં. (1) સિકંદર ગનીભાઇ ઉર્ફે હુસેનભાઇ તરકવાડીયા ખાટકી, રહે. જેતપુર નવાગઢ જુમ્મામસ્જીદ પાસે તથા આરોપી નં.(2) બાવ ઉર્ફે અશોક બાધુભાઇ ચારોલીયા દેવીપુજક, રહે. જામકંડોરણા, ઇન્દિરાનગર, પાણીના ટાંકા પાસે તથા આરોપી નં.(3) રાજેશ ઉર્ફે રાજુ વલકુભાઇ ઉર્ફે વલ્લભભાઇ ઉર્ફે બાભોલા ચારોલિયા દેવીપુજક, રહે. વાસાવડ, તા. ગોંડલ ને ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ - 248 (1) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ - 379, 447, 114 મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મૂકવા હુકમ કરવામાં આવે છે.
2. આરોપીઓના કેસ ચાલતા સમય દરમ્યાનના જમીન અને જાત મુચરકા આથી રદ કરવામાં આવે છે.
3. આરોપીઓએ અપીલ સમયના ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ 437A મુજબ રૂપિયા 15,000/- ના જમીન અને તેટલી જ રકમ ના જાત મુચરકા રજૂ કરવા.
4. આરોપી નં.1 તથા 2 નાઓએ સદર હુકમની જાણ થયેથી દિન - 10 માં અપીલ સમયના ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ 437A મુજબ રૂપિયા 15,000/- ના જમીન અને તેટલી જ રકમ ના જાત મુચરકા રજૂ કરવા.
5. આ કામે મુદ્દામાલ અંગે કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તેને કાયમી કરવાનો અને વિકલ્પે મુદ્દામાલ તરીકે કોઈ ચીજ-વસ્તુ કે દસ્તાવેજો અથવા વાહન કબજે કરવામાં આવેલ હોય તો અપીલ સમય વીત્યા બાદ ચીજ-વસ્તુ કે દસ્તાવેજો જે વ્યક્તિ પાસેથી કબજે લીધેલ છે તેમને પરત કરવા અને વાહન નોંધાયેલ માલિકને પરત કરવા.

હુકમ આજરોજ તા. 12 જુન, 2026 ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. 12/06/2026 (પ્રિયાબેન પ્રકાશચંદ્ર કાલા)
ઉપલેટા. જ્યુ. મેજી. ફર્સ્ટ ક્લાસ, ઉપલેટા
GJ01761